**<u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી</u>**
**<u>વી.બી.ચૌહાણ સાહેબ સમક્ષ, મુ.અમદાવાદ.</u>**

**<u>રેફરન્સ કેસ નં.૧૪૯/ ૨૦૨૩</u>**
**<u>આંક: ૪</u>**

**<u>પ્રથમ પક્ષકાર:-</u>** **સિનજી હોસ્પિટલ,**
૪૦૨, ૪૦૩, સાવન સ્કેવર, ચેનપુર બસ સ્ટેન્ડ પાસે,
ન્યુ રાણીપ, અમદાવાદ

**વિરૂધ્ધ**

**<u>બીજા પક્ષકાર :-</u>** **કિરણ રેવાભાઈ દિવાન,**
કાળી ગામ, સાબરમતી, પરમાર વાસ,
સાબરમતી, અમદાવાદ
C/o. સુર્યોદય લેબર યુનિયન,
૭/૨, માઝીન પાર્ક, લવલી પાર્ક પાસે,
વિશાલા સામે, અમદાવાદ

---

**પ્રથમ પક્ષકાર તરફે :** **-**
**બીજા પક્ષકાર તરફે :** **શ્રી એમ.કે.કાઝી**

---

**<u>--:: એ વો ર્ડ ::--</u>**

(૧) સદર કામના બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા કે કેમ? તેના ન્યાય નિર્ણય સારૂ સદરહુ રેફરન્સ મદદનીશ મજુર કમિશનર, અમદાવાદના તા.૦૭/૦૩/૨૦૨૩ ના હુકમ ક્રમાંક: નાશ્રઆ/અવિ/વિભાગ-૧/આઈ.ડી.આર.નં.૧૦૩૦/વર્ષ-૨૦૨૨/ ૭૯૪૭ થી મજુર અદાલત, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ, ત્યારબાદ યોગ્ય ઓથોરીટીના વખતો વખતના હુકમોથી સદરહુ રેફરન્સ અત્રેની અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી સામાવાળા/સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને અરજદાર/કામદાર તરીકે સંબોધવામાં આવશે.

(૩) આ કામે બંને પક્ષકારો તથા અરજદારના વિ.પ્રતિનિધિશ્રીએ તેમની સહીથી આંક–૩ થી સમાધાન પુરશીશ રજુ કરેલ છે. જે આંક–૩ ની સમાધાન પુરસીસના કથનો વંચાણે લેતા આ કામમાં અરજદારને સામાવાળા રૂા.૧૫,૦૦૦/– ની રકમ એકાઉન્ટ પે ચેક નં.૦૦૦ ૮૭૩, આઈ.સી.આઈ.સી.આઈ. બેંકનો તા.૧૧/૦૫/૨૦૨૩ થી ચુકવી આપે છે જેને ફુલ એન્ડ ફાઈનલ સમાધાન તરીકે અને એકસગ્રશીઆ તરીકે ગણવાનુ છે. સામાવાળાએ ચુકવેલ રકમમાં અરજદારને તમામ દાદ સંતોષાઈ જાય છે. તેઓએ માત્ર બે મહીના જ સંસ્થામાં નોકરી કરેલ હોય આ સિવાય કોઈ હકક લાભ તેઓને મળવાપાત્ર નથી. તેમની ટૂંકી નોકરીના કારણે ગ્રેજયુઈટી મળવાપાત્ર નથી. અરજદારે હવે સામાવાળા પાસેથી કોઈ રકમ લેવાની નીકળતી નથી. અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર માલીકના સંબંધનો કાયમી અંત આવે છે. અરજદારે સંસ્થા સામે કરેલ રેફરન્સ કેસ તેમજ અન્ય કોઈ પણ કોર્ટ કચેરી કે ઓથોરીટી સમક્ષ કેસ દાખલ કરેલ હોય તો તે પાછો ખેંચશે. આમ, સમાધાનની શરતો મુજબ સમાધાન પુરશીશ જાહેર કરતાં, સદરહું પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે.આમ અરજદારનો હાલનો રેફરન્સ કેસ આંક–૩ ની સમાધાન પુરશીશના કથનો આધારે ફેંસલ કરવા નો હુકમ કરવામાં આવે છે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**અમદાવાદ.**
**તા.૧૩/૦૫/૨૦૨૩.**

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ )**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં.૪,અમદાવાદ.**
**(જી.જે.૦૧૦૪૫)**